ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૭૯/૨૦-૨૧/ 764 તારીખ : 03 MAR 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી વનરાજભાઈ માત્રાભાઈ વેગડ,**
રહે.ઢેઢુકી, તા.સાયલા,
**જી.સુરેન્દ્રનગર.**

કેસ નં.૭૯/૨૦-૨૧

**મો.નં.૮૨૦૦૭ ૦૭૨૭૫.**

**વિષય : નવું ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૩/૦૧/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૫/૦૧/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૯/૨૦-૨૧/૩૭૨ તા.૩૦/૦૧/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૯/૨૦-૨૧/૫૦૧ તા.૦૮/૦૨/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૦૨/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

..., ઝોનલ કચેરી ભાવનગર.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૭૯/૨૦–૨૧ ☜

વાદી :– શ્રી વનરાજભાઈ માત્રાભાઈ વેગડ,

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– તા.૧૮/૦૨/૨૦૨૧ ◈

હાજર રહયા :– શ્રી વનરાજભાઈ માત્રાભાઈ વેગડ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી વનરાજભાઈ માત્રાભાઈ વેગડ, રહે.ઢેઢુકી,તા.સાયલા, જી.સુરેન્દ્રનગરની નવું ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૯/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૩/૨૦–૨૧/૩૭૨ તા.૩૦/૦૧/૨૦૨૧ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૮/૦૨/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી વનરાજભાઈ માત્રાભાઈ વેગડ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી વનરાજભાઈ માત્રાભાઈ વેગડ, સાયલા તાલુકાના ઢેઢુકી ગામના વતની છે. જે વિસ્તાર પેટા વિભાગીય કચેરી, મૂળી ના તાબા હેઠળ આવે છે.

૧.૨ વાદીની રજૂઆત છે કે, તેઓ દ્વારા તા.૪/૧૦/૨૦૧૯ ના રોજ રસીદ નં–૫૬૫૦૧ થી ખેતીવાડી વિજ કનેકશન માટે રજીસ્ટ્રેશન કરાવેલ હતું. જે વિજ કનેકશન માટે તા.૧૯/૧/૨૦૨૦ સુધી પણ તેઓને અંદાજપત્ર મળેલ ન હતું.

P.G.V.C.L. Bhavnagar

૧.૩ સદર વાદી દ્વારા બાબતે મૂળી ઓફીસમાં તપાસ કરવામાં આવતા કહેવામાં આવેલ કે, તેઓનું અંદાજપત્ર ત્રણ મહિના પહેલા મોકલવામાં આવેલ છે.

૧.૪ વાદીની રજૂઆત છે કે આ નામના બીજા ભળતા વ્યકિત પાસે અંદાજપત્રક ગયેલ હોય તેવું બની શકે. અને તેવી વ્યકિત સાથે જુનો ઝગડો હોય, સદર અંદાજપત્ર તેઓને મળેલ નથી.જેથી યોગ્ય કાર્યવાહી કરવા રજૂઆત કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી દ્વારા પેટા વિભાગીય કચેરી મૂળીમાં ખેતીવાડી વિજ કનેકશન માટે તા. ૪/૧૦/૨૦૧૯ ના રોજ અરજી કરવામાં આવેલ હતી.

૨.૨ વાદીની અરજી પેટા વિભાગીય કચેરી દ્વારા વાદીને નિયમ મુજબ તા.૧૬/૧૦/૨૦૨૦ ના રોજ જાવક પત્ર નં– ૯૬૫૬ થી નાણાં ભરવા માટેનું અંદાજપત્રક રજીસ્ટર પોસ્ટ દ્વારા આપવામાં આવેલ હતું. જે સ્થળ પર હાજર જોઈ, વ્યકિત એ સ્વીકારેલ છે. જેની સ્લીપ આ સાથે સામેલ છે.

૨.૩ વધુમાં જણાવવાનું કે, ઈ–ઉર્જા માં CRM Module માં જયારે પણ અંદાજપત્ર એટલે કે, વર્ક ફલો લોજ કરવામાં આવે છે ત્યારે તેની જાણ તમામ અરજદારને તેને અરજી ફોર્મ માં દર્શાવેલ મોબાઈલ નંબર માં ટેકસ મેસેજ અચૂક જાય છે. અરજદાર દ્વારા સદર ખેતીવાડી વિજ જોડાણ માટેની અરજીમાં મોબાઈલ નંબર – ૮૨૦૦૭૦૭૨૭૫ દર્શાવેલ છે. તેમાં, સીસ્ટમ જનરેટ મેસેજ ગયેલ છે.

૨.૪ વાદી દ્વારા અંદાજપત્રક ની છેલ્લી તારીખ–૧૭/૧૧/૨૦૨૦ સુધી નાણાં ભરેલ નથી. જે આપ સાહેબની જાણ સારૂં.

Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર વનરાજભાઈ માત્રાભાઈ વેગડ, ગામ–ઢેઢુકી, તા.સાયલા એ તા.૪/૧૦/૨૦૧૯ ના રોજ નવા ખેતીવાડી વિજ જોડાણ માટે મૂળી પેટા વિભાગીય કચેરીમાં અરજી નોંધણી કરાવેલ.

૩.૨ પ્રતિવાદીએ વાદીના ખેતીવાડી વિજ કનેકશન માટેનું અંદાજપત્ર નં–૯૬૫૬ થી તા.૧૬/૧૦/૨૦૨૦ ના રોજ વાદીને રજીસ્ટર પોસ્ટ દ્વારા મોકલાવેલ. જેની એકનોલેજમેન્ટ પ્રતિવાદી એ જોડેલ છે.

૩.૩ વાદીએ તેના આ પત્રની છેલ્લી તા.૧૭/૧૧/૨૦૨૦ હતી ત્યાં સુધી નાણાં ભરપાઈ કરેલ ન હોય, અંદાજપત્ર પ્રતિવાદી દ્વારા રદ કરવામાં આવેલ.

૩.૪ વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે કે, ગામ–ઢેઢુકી માં એક જ નામના એટલે કે, વનરાજભાઈ નામના બે વ્યકિતઓ હોય, તેમજ જુની અદાવત ને લીધે તેઓને આ પત્ર મળેલ નથી. તે ફોરમને નવું અંદાજપત્ર આપવા વિનંતી.

૩.૫ વાદીની રજૂઆતમાં તથ્ય જણાતા ફોરમ હુકમ કરે છે કે, પ્રતિવાદીએ વાદીને ફરીથી અંદાજપત્ર દિવસ–૧૦ માં આપવું.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(પી.એસ.આજકીયા)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ.આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

P.G.V.C.L. Bhavnagar. Consumer Redressal Forum

તારીખ :– **૧૮/૦૨/૨૦૨૧.**